સૌરાષ્ટ્ર આજતક

લાયન સફારી પાર્ક પ્રોજેક્ટની કામગીરીનુ કમિશનર તુષાર સુમેરાએ નિરિક્ષણ કર્યું

કમિશ્નર દ્વારા વોર્ડ નં. ૫ના આઇએમએ અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી

રાજકોટ,

મહાપાલિકાના ચાલુ પ્રોજેક્ટની સમિક્ષા કમિશ્નર દ્વારા આગળ વધારવામાં આવી છે. આજે કમિશ્નરે પ્રદ્યુમન પાર્ક પાછળ બની રહેલા સાસણ ગીર જેવા લાયન સફારી પાર્ક સાઈટની મુલાકાત લીધી હતી. રાજકોટમાં સાસણ અને દેવળીયા પાર્ક જેવો સફારી પાર્ક ગત બજેટમાં મંજુર થયો હોય, બાંધકામની કામગીરી વચ્ચે સંભવતઃ ઓગસ્ટ માસમાં રાજકોટની જનતાને ફરવાનું આ વધુ એક નજરાણું મળી જાય તેવી આશા છે.

લાયન સફારી પાર્ક પ્રોજેક્ટની કામગીરીની કમિશનર તુષાર સુમેરાએ સ્થળ પર જઈને સમીક્ષા કરી હતી. શહેરના પર્યટન વિકાસ તથા પ્રાકૃતિક પર્યાવરણના સંરક્ષણને ધ્યાને રાખીને અમલમાં મુકાયેલ લાયન સફારી પાર્ક પ્રોજેક્ટની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. પ્રોજેક્ટ વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ૨.૭૫ મીટર ઊંચાઈની કમ્પાઉન્ડ દિવાલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

સાથે જ પ્રાણીઓ તથા મુલાકાતીઓની સલામતીને ધ્યાનમાં રાખી ૫ મીટર ઊંચાઈની ચેઈનલીંક ફેન્સિંગ દિવાલની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. નાઈટ શેલ્ટરનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

ઉપરાંત, સફારી પાર્કના આંતરિક વિસ્તારમાં સરળ અવરજવર માટે ઈન્ટરનલ રોડ તથા પાર્ક વિસ્તારની બહાર ઈન્સ્પેકશન રોડનું બાંધકામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. ટુ-વે ગેઈટ, જીએસઆરનું કામ પુરું થયું છે અને એન્ટ્રન્સ પ્લાઝાનું કામ ચાલુ છે.

તુષાર સુમેરાએ લાયન સફારી પાર્ક પ્રોજેક્ટની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો તથા કામની ગુણવત્તા, સુરક્ષા ધોરણો અને પર્યાવરણને અનુકૂળ વિકાસ ઉપર વિશેષ ધ્યાન રાખવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન ડે. કમિશનર પી.પી. પટેલ, સીટી એન્જી. શ્રીવાસ્તવ, ઝૂ સુપ્રી. ડો. હિરપરા સહિતના અધિકારીઓ તથા પ્રોજેક્ટ સ્ટાફ હાજર રહ્યો હતો.

કમિશ્નર દ્વારા વોર્ડ નં.૫ના આઇએમએ અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ઉપલબ્ધ સુવિધાઓ, કામગીરીની વ્યવસ્થા તેમજ સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓની અમલવારી અંગે વિસ્તૃત સમીક્ષા, સ્ટાફ સાથે યોજનાઓની ચર્ચા, પોર્ટલ, લાભાર્થીઓની સંખ્યાનો રિપોર્ટ લઈ સંતોષ વ્યકત કર્યો હતો. આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન કમિશનરે કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ, સેવાઓ તથા ચાલતી આરોગ્યલક્ષી યોજનાઓની સમીક્ષા કરી હતી.

આ દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્રના ફિલ્ડ સ્ટાફને સરકારની વિવિધ યોજનાઓનો લાભ દરેક પાત્ર નાગરિક સુધી પહોંચે તે માટે ઘરે-ઘરે જઈને જાગૃતિ અને સેવા કાર્ય મજબૂત બનાવવા સૂચના આપી હતી. સાથે જ તમામ આરોગ્ય યોજનાઓમાં ૧૦૦% અચિવમેન્ટ પ્રાપ્ત થાય તે માટે આયોજનબદ્ધ, સમયબદ્ધ અને પરિણામલક્ષી કામગીરી કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અમરેલીના સ્લમ વિસ્તારના બાળકો માટે શરૂ થયેલી હરતી ફરતી શાળાએ અનોખી પહેલ કરી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલીના સ્લમ વિસ્તારના બાળકોમાં પણ શિક્ષણના દીપકને પ્રગટાવવાના હેતુને ખરા અર્થમાં સાર્થક કરવા માટે થઈ અમરેલીના સ્લમ વિસ્તારના બાળકો માટે શરૂ થયેલી હરતી ફરતી શાળાએ અનોખી પહેલ કરી છે. અમરેલી શહેરમાં છેલ્લા ૫ વર્ષથી ગરીબ અને સ્લમ વિસ્તારના બાળકો જે અભ્યાસથી વંચિત ન રહે તેવો સરાહનીય પ્રયાસ કરીને 'શિક્ષણ એ બાળકનો અધિકાર છે' તેવી સફળતાની ઉડાન સાથે પી.જી.વી.એલ. અને સી.એસ.આર. અંતર્ગત એક સ્કૂલ બસને શાળા હોય તેમ તૈયાર કરી. આ સ્કૂલ બસમાં જ વિદ્યાર્થીઓને બેસવાની, બ્લેકબોર્ડ, પુસ્તકો સાથેની શૈક્ષણિક સાધનો રાખીને હરતી ફરતી શાળા ગરીબ બાળકો માટે આશાનું કિરણ બનેલી છે

અમરેલી શહેરમાં છેલ્લા ૫ વર્ષથી ગરીબ અને સ્લમ વિસ્તારના બાળકો જે શિક્ષણથી વંચિત ના રહે અને બાળકોને શિક્ષણ પ્રત્યેની મુખ્યધારા સાથે જોડી શકાય, તેવા હેતુસર આ બસમાં ચાલતી હરતી ફરતી શાળા શરૂ કરવામાં આવી હતી. જે આજે હરતી ફરતી શાળા તરીકે ઓળખાઈ છે.

આજે બાળકો ગરીબી, સ્થળાંતર અથવા અન્ય સામાજિક કારણોસર નિયમિત શાળાએ જઈ શકતા નથી. તેને શિક્ષણ સાથે જોડવાનો પ્રયાસ શરૂ કરીને સ્લમ વિસ્તારના ૫૦ જેટલા વિધાર્થીઓ હરતી ફરતી શાળામાં નિયમિત અભ્યાસ કરવા પહોંચે છે. ગુજરાતી, અંગ્રેજી, ગણિત સાથે સામાન્ય જ્ઞાન જેવા વિષયોના માર્ગદર્શન મળે તથા સ્લમ વિસ્તારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેવા ધ્યેયને સાર્થક કરતી આ હરતી ફરતી શાળા PGVCL દ્વારા CSR અંતર્ગત લેલેન્ડ બસની અંદર જ સંપૂર્ણ રીતે શાળા અંદર તૈયાર કરવામાં આવી છે.

આ બસની અંદર વિધાર્થીઓને બેસવાની વ્યવસ્થા, બ્લેક બોર્ડ, પુસ્તકો રાખવાની જગ્યા અને અન્ય શૈક્ષણિક સાધનોનો ઉપયોગ હરતી ફરતી શાળા તરીકે ઉપયોગમાં લેવાઈ છે. અને અમરેલી શહેરના ગાયત્રી મંદિર વિસ્તારમાં બસને લાવીને ભણાવવામાં આવે છે. અને વિધાર્થી બાળકો પણ હોંશે હોંશે ભણવા પહોંચી જાય છે.

શહેરમાં સ્લમ વિસ્તારની સ્થિતિ અને પરિસ્થિતિ અંગે જાણકારી મેળવીને આ વિસ્તારના ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેવા હેતુ સાથે આ હરતી ફરતી શાળા શરૂ કરવામાં આવેલ છે. શિક્ષણએ દરેકનો અધિકાર છે. અને પૈસાના અભાવે સ્લમ વિસ્તારના બાળકો શિક્ષણથી અળગા ન રહે તે હેતુ સાર્થક કરવા માસિક ૧૫ હજારથી ૨૦ હજારનો ખર્ચ કરવામાં છે. જેમણે ક્યારેય ભણતરનું જ્ઞાન ન હોતું લીધું. તેવા બાળકો નજીકની શાળામાં અભ્યાસ કરવા દાખલ થયા છે. અને હાલ માતા પિતા પણ શિક્ષણનું મહત્વ સમજી રહ્યા છે.

પૂજા અંસારી (વિધાર્થીની અમરેલી): ગરીબ અને સાવ સ્લમ વિસ્તારના વિધાર્થીઓ આ હરતી ફરતી શાળામાં આવે છે. અને અમે બધાં જ શિક્ષણ મેળવી રહ્યા છીએ. ત્યારે પૈસાની અછત કે પરિવારની સ્થિતિને કારણે બાળક અભ્યાસથી વંચિત ન રહે તે ધ્યેય સાથે એક શિક્ષિકા પણ અભ્યાસ કરાવે છે. અને ગરીબ બાળકો પ્રત્યેની સંવેદનાઓ વ્યક્ત કરી હતી ગીતાબેન મકવાણા (શિક્ષિકા હરતી ફરતી શાળા અમરેલી):સવારે અને સાંજે એમ બે પાળીમાં આ હરતી ફરતી શાળામાં અભ્યાસ કરાવાઈ રહ્યો છે. આ હરતી ફરતી શાળા માત્ર એક બસમાં ચાલતી શાળા નથી પરંતુ ગરીબ બાળકોના સ્વપ્નઓની નવી ઉડાન આપતી એક આશાના સમાન કિરણ છે.

સીટીલાઇફ

રાજકોટમાં મનોદિવ્યાંગ બાળકો માટે હોકી પ્રશિક્ષણ શિબિર યોજાઇ

રાજકોટ,

ફિલ્ડ હોકી (આઉટડોર) સિલેક્શન કેમ્પ ૨૦૨૬ સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા હરિયાણા ખાતે તા. ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીલ્લા. દીઠ સબ જુનિયર (૧૪ વર્ષની નીચે), જુનિયર (૧૪ થી ૧૭ વર્ષ) અને સિનિયર (૧૭ વર્ષથી ઉપર) વય જૂથ મુજબ ૧ ભાઈ અને ૧ બહેન ખેલાડીની પસંદગી કરવાની છે. આ અનુસંધાને સ્પવશિયલ ઓલિમ્પિક્સ ભારત (રાજકોટ) અને રાજકોટ ડિસ્ટ્રિક્ટિ હોકી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે બૌદ્ધિક અક્ષમતા (ઈન્ટલેક્ચુઅલ ડિસેબિલીટી) ધરાવતા બાળકો માટે તાજેતરમાં એક પ્રશંસનીય અને પ્રેરણાદાયક પહેલ રૂપે વિશેષ ફિલ્ડ હોકી પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે સ્પેશિયલ ઓલિમ્પિક્સ રાજકોટના પ્રતિનિધિઓ, રાજકોટ ડિસ્ટ્રિક્ટ હોકી એસોસિએશનના પ્રમુખ મહેશ સર તેમજ રાજકોટના જાડેજા સઅને અન્ય, સભ્યોએ હાજરી આપી આયોજકોએ રાજકોટ જીલ્લાશના સિલેક્શન કેમ્પમાં સબ જુનિયર જૂથમાં મનસ્વીએ મે, જુનિયર જૂથમાં અરહાન નોળીયાર અને લીમ્બાસીયા શ્રેયા તથા સિનિયર કેટેગરામાં રોનક વોરા અને હેન્સી પસંદગી પામ્યા છે. આ ઉમદા હેતુ માટે આર્થિક સહયોગ ઓમ્નિટેક એન્જીનિયરીંગ લિમિટેડ (મેટોડા)ના ચેરમેન અને મેનેજિગ ડિરેક્ટર શ્રી ઉદયભાઈ પારેખ તરફથી સાંપડેલ છે. તેમ હોકી રાજકોટના કુ. કિન્નરીબેન પટેલ એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગીર સોમનાથ કલેકટરની અધ્યક્ષતામાં સેવાસેતુ ૨-૦ બેઠક યોજાઈ

વેરાવળ,

સેવા સેતુ થકી વહીવટી તંત્રની જરૂરી સેવાઓ લોકોના ઘર સુધી પહોંચે અને વધુને વધુ સેવાઓનો લોકો બહોળા પ્રમાણમાં લાભ લે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. 'સેવાસેતુ ૨.૦' અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો વધુને વધુ લાભ મળે તે માટે વેરાવળ પ્રાંત કચેરી ખાતે કલેકટર શ્રી એન.વી.ઉપાધ્યાયની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી.

ઝડપી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે કલેક્ટરશ્રીએ અરજદારોની આધાર કાર્ડ, પી.એમ.જે.વાય, રેશન કાર્ડ સહિતની તમામ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત હકારાત્મક નિકાલ કરવા જણાવ્યું હતું. સેવાસેતુ ૨.૦ અંતર્ગત નગરપાલિકા કક્ષા, શહેરી અને ગ્રામીણ વિસ્તારને આવરી લેવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સેવાઓનો મોટી સંખ્યામાં લોકો લાભ લે એ સુનિશ્ચિત કરવા કલેક્ટર એ ઉપસ્થિત સર્વે વિભાગના અધિકારી ઓને જણાવ્યું હતું.

નિવાસી અધિક કલેકટર રાજેશ આલે સેવા સેતુ ૨.૦ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો પહેલો તબક્કો તા.૨૮ જાન્યુઆરી થી ૨૮ ફેબ્રુઆરી સુધીનો રહેશે જેમાં વિવિધ સેવાઓના ડોક્યુમેન્ટેશન ને આવરી લેવામાં આવશે. જ્યારે બીજો તબક્કો ૦૭ માર્ચથી શરૂ થશે જેમાં ક્લસ્ટર વાઈઝ કાર્યક્રમ યોજવામાં આવશે.

કોટડાસાંગાણીના સોળીયા રોડ ઉપર રામપરાના યુવાનને આંતરી ચાર શખ્સોએ લુંટી લીધો

ચાર હિન્દી ભાષી શખ્સોએ બાઇક આડુ નાખી આખમાં મરચાની ભૂકી છાંટી લુંટ ચલાવી

રાજકોટ,

કોટડા સાંગાણીના સોળીયા રોડ ઉપર રામપરા ગામના યુવાનને બાઇકમાં આવેલા ૪ હિન્દી ભાષી શખ્સો એ આંતરી આંખમાં મરચાની ભુકી છાંટી રોકડ અને મોબાઇલ સહિત ૪૨,૭૦૦ ની મતા લુંટી નાસી ગયા હતા.

મળતી વિગતો મુજબ રણજીતભાઈ નરેશભાઈ બાબરીયા ઉ.વ.૩૪ ધંધો પ્રા.નોકરી રહે. રામપરા (નવાગામ) તા. કોટડા સાંગાણીએ ચાર હિન્દી ભાષી અજાણ્યા માણસો સામે કોટડા સાંગાણી પોલીસમાં ફરીયાદ નોધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદી તેના હવાલાવાળુ હોન્ડાન કંપનીનું લીઓ રજી. નંબર જી.જે. ૩ કે.ઈ. ૭૭૧૧ લઈને રાજકોટથી રામપરા પોતાના ગામ જતો હતો ત્યારે નારણકાથી આગળ સોળીયા જતા રોડ પર મેલડીમાંની ડેરી પાસે કોઇ અજાણ્યા ચાર હીન્દી બોલતા માણસો તેનુ મોટર સાયકલ લઈને આવી સાઈડ કાપી તેનુ મોટર સાયકલ આડુ નાખી ગેરકાયદેસર અવરોધ કરી ફરીયાદીને ઉભો રાખી એક બ્લુ કે કાળા કલરના ટી-શર્ટ વાળા અજાણ્યા આરોપીએ ફરીયાદીની આંખમા મરચાની ચટણી નાખી ફરીયાદીને મોટર સાયકલ સાથે પછાડી દઇ ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને મારી નાખવાની ધમકી આપી ફરીયાદીના ખીસ્સા માંથી રેડમી કંપનીનો ૧૩ મોડલનો સ્કાઇ બ્લુ કલરનો તથા પાકીટમા રોકડા રૂપીયા ૧૨,૭૦૦/ તથા આઇ-કાર્ડ તથા પાનકાર્ડ તથા આધારકાર્ડ તથા એ.ટી.એમ. તથા કેડ્રીટ કાર્ડ સહીતનુ બેગ તથા મોટર સાયકલ .જે.૦૩.કે.ઇ.૭૭૧૧ કી.રૂ. ૨૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન કી.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડ રૂપીયા ૧૨,૭૦૦/- સાથે કુલ કી.રૂ. ૪૨,૭૦૦/- ની લુટ કરી જઇ નાસી છુટયા હતા.

આ ફરીયાદ અન્વયે કોટડા સાંગાણી પોલીસે ગુન્હો દાખલ કરી ૪ હિન્દી ભાષી શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટમાં એલટાઈ દ્વારા હસ્તાક્ષર સ્પર્ધા યોજાઈ

રાજકોટ,

તા.૨૪ જાન્યુઆરીના રોજ એલટાઈ રાજકોટ સેન્ટ્રલ ચેપ્ટર દ્વારા વર્લ્ડ હેન્ડરાઇટિંગ ડે નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે ધોરણ છ થી દસ અને દસ ધોરણથી વધુના વ્યક્તિઓ માટે સુંદર હસ્તાક્ષર સ્પર્ધા યોજાઈ હતી.માય કન્ટ્રી ઈન્ડિયા વિષય પર વીસ મિનિટમાં એ૪ પેપર પર પોતાના વિચારોને સુંદર હસ્તલેખન દ્વારા રજૂ કરવાની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવી. નિર્ણાયક તરીકે ડો. ઈરોઝ વાજા અને ચિત્રકાર સજ્જાદ કપાસીએ સેવાઓ આપી હતી.ભાગ લેનારા દરેકને પ્રમાણપત્ર અને ડાયરી ભેટ આપવામાં આવી હતી. જ્યારે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રીમિયમ પેન સેટથી સન્માનિત કરવામાં આવ્યા. ભાગ લેનારા સ્પર્ધકોને પ્રમાણપત્ર અને પ્રથમ ત્રણ વિજેતાઓને સારથી એજ્યુકેશન માનસીબેન કક્કડના હસ્તે પારિતોષિક આપવામાં આવ્યા હતા.સ્પર્ધામાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

લાઠીમાં GIDC સ્થાપવાની માંગ સાથે ચેમ્બર ઓફ કોમર્સની ઉગ્ર રજૂઆત

મંજુર થયેલી GIDC મોટી જંત્રીના કારણે વિવાદોમાં હોવાનું જણાવ્યું

અમરેલી:

અમરેલી જિલ્લાનાં લાઠી શહેર અને આસપાસના વિસ્તારમાં ઉદ્યોગોના વિકાસ માટે વર્ષોથી પડતર GIDC (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ)ની માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે જી.આઈ.ડી.સી.ને લઈને લાઠી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ફરી એકવાર સરકારમાં ધારદાર રજૂઆત કરવામાં આવી છે. લાઠી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મેઘાભાઈ ડાંગરના જણાવ્યા અનુસાર ૨૦૦૪થી લાઠીમાં ઉદ્યોગ માટે માંગણી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં સરકારે આ અંગે મંજૂરી પણ આપી હતી. પરંતુ તે માત્ર ચૂંટણી લક્ષી જાહેરાત સાબિત થઈ હોય તેમ જણાય છે. ઉદ્યોગકારોની મુખ્ય ફરિયાદ છે કે, લાઠી જેવા નાના કેન્દ્રમાં જંત્રીના દર ભાવનગર કે અમદાવાદ જેવા મહાનગરો કરતા પણ વધારે છે. આ ઉંચા દરોને કારણે નવા ઉદ્યોગો સ્થાપવા મુશ્કેલ બની રહ્યા છે. યોગ્ય પ્રોત્સાહન અને સુવિધાના અભાવે લાઠીના સ્થાનિક ઉદ્યોગો ભાંગી પડ્યા છે. જો ઉદ્યોગ કાર્યરત થાય, તો વિસ્તારમાં ફરીથી ઔદ્યોગિક ક્રાંતિ આવી શકે તેમ છે.

તાજેતરમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મંત્રી કૌશિક વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તલાવિયા,સાંસદ ભરતભાઈ સુતરીયા તથા રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા સાથે આ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવશે.

ત્યારે વેપારીઓ અને ઉદ્યોગકારોની એક જ માંગ છે કે સરકાર જંત્રીના દરમાં ઘટાડો કરી વહેલી તકે GIDC નું નિર્માણ કરે જેથી સ્થાનિક સ્તરે રોજગારી અને વેપારમાં વધારો થઈ શકે તેમ છે.

લાઠી ચાર થી પાંચ ઉદ્યોગપતિઓ પોતાનો ઉદ્યોગ એક અહીંયા લાઠીમાં બનાવે તો પણ લાઠીના તાલુકાના લાઠીને લોકોને બહાર જાવું ન પડે.(લાઠી હરેશભાઈ પઢીયાર.)૨૦૧૭માં જીઆઈડીસી મંજૂરી મળી હતી જંત્રી ના ભાવ વધારે હોવાના કારણે પ્લોટ ફાળવણી કરવામાં આવી જેથી જંત્રીના ભાવ નીચા આપવા જોવી તેવી અમારી માંગણી છે.(ચેતનભાઇ લીબાણી પૂર્વ પ્રમુખ વેપારી)

રાજકોટ કાઈસ્ટ કોલેજ' ૧૬મી નેશનલ સાયન્સ સિમ્પોઝિયમ ૨૦૨૬'નું આયોજન કરાયું

રાજકોટ,

કાઈસ્ટ કોલેજ, રાજકોટ ખાતે આજે '૧૬મી નેશનલ લેવલ સાયન્સ સિમ્પોઝિયમ ૨૦૨૬૨ નું સફળતાપૂર્વક ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે નવી દિશાઓ ખોલતા આ કાર્યક્રમમાં ગુજરાત, ભારતનાં અન્ય રાજ્યો અને આંતરરાષ્ટ્રીય તરેથી ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, રિસર્ચ સ્કોલર્સ અને શિક્ષણવિદોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ રાષ્ટ્રીય કક્ષાના સિમ્પોઝિયમને ગુજરાત સ્ટેટ

બાયોટેકનોલોજી મિશન,ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા વિશેષ સહયોગ અને સ્પોન્સરશિપ પ્રાપ્ત થઈ છે. આ પ્રતિષ્ઠિત સંસ્થાઓનું સમર્થન વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં અને સંશોધનને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ સાબિત થયું છે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રાજકોટ ડાયોસીઝના બિશપ બિશપ જોસ ચિત્તુપરંબિલ સીએમઆઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તેમના પ્રવચનમાં "સાયન્સ વિથ અ સોલ" (આત્મા સાથેનું વિજ્ઞાન) વિષય પર ભાર મૂકતા વિદ્યાર્થીઓને ટેકનોલોજીની સાથે નૈતિક મૂલ્યો જાળવવા અનુરોધ કર્યો હતો. ગુજરાત વિદ્યાપીઠ ના પૂર્વ વાઈસ ચાન્સિલર પ્રોફેસર અનામિક શાહની પણ પ્રેરણાદાયક હાજરી એ વિદ્યાર્થીઓ ને ખુબજ પ્રોત્સાહિત કર્યા હતા.

રાજકોટના ગોંડલ રોડ માલધારી ફાટક નજીક ટ્રક- બાઇક વચ્ચે અકસ્માત

કારખાનેદાર યુવાનની નજર સામે જ પિતાનું કમકમાટી ભર્યું મોત

રાજકોટ,

ગોંડલ રોડ માલધારી ફાટક નજીક જીવલેણ અકસ્માંત સર્જાયો હતો. ટ્રકે ટુવ્હીલરને ઠોકર મારતા કારખાનેદાર યુવાન અને પાછળ બેઠેલા તેમના વૃધ્ધ? પિતા ફેંકાઇ ગયા હતાં. જેમાં યુવાનનો બચાવ થયો હતો જ્યારે તેમના પિતા ઉપર ટ્રકનું આગળનું વ્હીલ ફરી વળતાં કમકમાટી ભર્યું મોત થયું હતું.

આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સાઈબાબા સર્કલ પાસે સર્વેશ્વર સોસાયટી-૧માં ધર્મેશભાઈ આહિરના મકાનમાં રહેતાં મુળ બગસરાના મુંજયાસર ગામના જીજ્ઞેશભાઈ મગનભાઈ વાળા (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી ટ્રક નં. જીજે૧૨બીડબલ્યુ-૮૧૧૬ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

જીજ્ઞેશભાઈએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ગોંડલ હાઇવે પર તુલી પાર્ટી પ્લોટ નજીક શુભ લેઝર નામે કારખાનુ ચલાવુ છું. રવિવારે સવારે હું મારા પિતા મગનજભાઈ રામજીભાઈ વાળા (ઉ.વ.૭૧)ને મારા બાઇક જીજે૦૩એલડી-૮૭૪૬માં બેસાડીને મારા કારખાને ગયો હતો. ત્યાંથી અમે બંને પરત ઘરે જવા નીકળ્યા ત્યારે ગોંડલ રાજકોટ હાઇવે પર માલધારી ફાટકની સામે પૂલ નીચેથી રોડ ક્રોસ કરીને માલધારી ફાટક તરફ જતાં હતાં તે વખતે અચાનક જ ટ્રકના ચાલકે બાઇકને ઠોકર મારતા હું અને મારા પિતાજી બાઇક સહિત રોડ પર ફેંકાઇ ગયા હતાં. જેમાં મને ઈજા થઇ નહોતી, પરંતુ મારા પિતાજી ઉપર ટ્રકનું આગળનું વ્હીપલ ફરી વળતાં તેમને કમર, શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી. મેં ઉભા થઇ મારા પિતાજીને ઉભા કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ ઉભા થયા નહોતાં. આ દરમિયાન અકસ્માત સર્જનાર ચાલકે ટ્રક આગળ ઉભો રાખ્યો હતો. કોઇએ ૧૦૮ બોલાવતાં ગાડી હતી. તેમાં મારા પિતાને સિવિલ હોસ્પિટલે લઇ ગયા હતાં. પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં. આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃત્યુ પામનાર મગનભાઈ વાળા નિવૃત જીવન જીવતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. મોભીના મૃત્યુ થી વાળા-લુહાર પરિવારમાં શોક છવાઈ ગયો હતો.